પોલીસનો દરોડો : ચારની ધરપકડ

દરોડામાં પોલીસે ૧,૩૪,૩૮૦નો મુદ્દામાલ કબજે કર્યો

વી.આઈ.પી. સેક્ટર-૧માં ખુલ્લામાં ધમધમતા જુગારધામ પર

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર શહેરમાં છેલ્લા ઘણા સમયથી જુગારની બદી એટલી હદે વધી ગઈ છે. હવે જુગારીયાઓ સેક્ટરોના ખુલ્લા વિસ્તારમાં જુગાર રમતા જનરે પડી રહ્યા છે. તેવી ફરિયાદ ઉઠવા પામી છે.

વી.વી.આઈ.પી. ગણાતા સેક્ટર-૧માં આજે ખુલ્લામાં કેટલાક જુગારીયાઓ જુગાર રમતા હોવાની ફરિયાદને લઈ સેક્ટર-૭ પોલીસે જુગાર સ્થળે દરોડો પાડી ૪ જુગારીયાઓને ઝડપી પાડ્યા હતા. પોલીસે આ તમામ વિરૂદ્ધ જુગારધારાની કલમ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ સૂત્રો પાસેથી મળેલી માહિતી મુજબ ગાંધીનગર શહેરના વી.વી.આઈ.પી. ગણાતા સેક્ટર-૧ પ્લોટ નં. ૨૮૧ની પાછળ ઝાડીઓમાં બિન્દાસપણે કેટલાક જુગારીયાઓ પત્તા ટીચી રહ્યા હોવાની ફરિયાદ સેક્ટર-૭ પોલીસમથકના પી.એસ.આઈ. બારોટને મળી હતી. જે ફરિયાદને પગલે પોલીસે જુગાર સ્થળે દરોડો પાડ્યો હતો અને ખુલ્લામાં જુગાર રમતા ચિરાગ મૂળજીભાઈ રાઠોડ (રહે. સેક્ટર-૭), મહેશ લાલાજી મકવાણા (રહે. ઈન્દ્રોડા), પરેશ રામજીભાઈ સાગઠીયા (રહે. સેક્ટર-૩-એ) અને પાર્થ સોમાભાઈ વાઘેલા (રહે. પાલજ ગામ)ને રંગેહાથ જુગાર સાહિત્ય અને રોકડ રકમ સાથે ઝડપી પાડ્યા હતા. તેમની પાસેથી પોલીસે રૂ. ૧૯૩૮૦, એક ગાડી અને બાઈક મળી કુલ ૧,૩૪,૩૮૦નો મુદ્દામાલ કબજે લીધો હતો. આ બનાવ અને સેક્ટર-૭ પોલીસમથકના પી.એસ.આઈ. વી.યુ. ગડરીયાએ તમામ વિરૂદ્ધ જુગારધારાની કલમ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

રોટલી બનાવતા દાઝી ગયેલી પ્રાંતિયાની પરણીતાનું સારવાર દરમિયાન મોત

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર તાલુકાના પ્રાંતિયા ગામે ઠાકોરવાસમાં પોતાના પરિવાર સાથે રહેતી ૩૦ વર્ષીય પરણીતા ગત-૧૧ જુલાઈના રોજ દાઝી જતા આજે તેનું કરૂણ મોત નિપજ્યું હતું. ડભોડા પોલીસે આ મામલે અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ગાંધીનગરના પ્રાંતિયા ગામે ઠાકોર વાસમાં રહેતા સોનલબેન જસુજી ઠાકોર ઉં.વ. ૩૦ ગત તા. ૧૧ જુલાઈ-૨૦૧૨ને બપોરે ૧ કલાકે પોતાના મકાનમાં પ્રાઈમસ ઉપર રોટલી બનાવતા હતા. તે દરમિયાન અચાનક ગંભીર રીતે દાઝી ગયા હતા અને તાત્કાલિક સારવાર અર્થે ગાંધીનગર સિવિલ ખસેડવામાં આવ્યા હતા. મહિલાની હાલત વધુ નાજુક હોવાથી તેમને અમદાવાદ સિવિલમાં મોકલી આપવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમિયાન આજે તેમનું કરૂણ મોત નિપજ્યું હતું. આ અંગે ડભોડા પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

સેક્ટર-૨૩ ખાતે સ્થિત વિરાટનગર ખાતે જ્યોતેશ્વર મહાદેવ મંદિર ખાતે શ્રાવણ માસ નિમિત્તે શિવ મહિમ્ન સ્તોત્રનું આયોજન કરવામાં આવ્યું હતું. ભાવિકોએ ભાવપૂર્વક મહાદેવની આરતી પણ ઉતારી હતી. (તસવીર : દિપક જાની)

ગાંધીનગર નાગરિક સેવા સમિતિની ૨૯મીએ બેઠક યોજાશે

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર નાગરિક સેવા સમિતિના મંત્રી પી. જે. સુશીલ અને ગાંધીનગર એકમના પ્રમુખ નવીનચંદ્ર સોનેરીએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, ગાંધીનગર નાગરિક સેવા સમિતિની બેઠક તા. ૨૯મી જુલાઈ-૨૦૧૨ને રવિવારે સવારે ૯ કલાકે ડૉ. બાબાસાહેબ આંબેડકર ભવન, સેક્ટર-૧૨, ગાંધીનગર ખાતે યોજાશે.

સમિતિના અધ્યક્ષ વિક્રમસિંહ ખાચરના પ્રમુખસ્થાને અને નવીનચંદ્ર સોનેરીની ઉપસ્થિતિમાં વિવિધ પ્રશ્નોની ચર્ચા વિચારણા કરવામાં આવશે. સંસ્થાએ ૧૫ વર્ષ પૂરા કરીને ૧૬માં વર્ષમાં પ્રવેશ મેળવ્યો છે તે નિમિત્તે સંસ્થાની માહિતી સાથે તેજસ્વી તારલાઓની માહિતી પ્રસિદ્ધ કરતું સોવેનિયર રજૂ કરવા બાબતે, ગુજરાતના નાગરિકો કે, જેઓએ વિશિષ્ટ કામગીરી બદલ એવોર્ડ મેળવ્યો છે. તેઓનું સન્માન કરવા બાબતે, ગાંધીનગરના નાગરિકોની સુખ-સમૃદ્ધિમાં વધારો થાય તે માટે 'મા જગદંબા'ની આરાધના માટે એક યજ્ઞનું આયોજન કરવા બાબતે ચર્ચા વિચારણા કારવામાં આવશે. સમગ્ર બેઠકમાં હાજર રહેવા માટે તેજસ્વી તારલાઓના વાલીઓને, સમિતિના હોદ્દેદારોને તથા સભાસદોને સમયસર અચૂક પધારવા ખાસ નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

બેંક ઑફ બરોડાએ 'વિરાસત ૧૦૫' ઉજવ્યો

ગાંધીનગર, તા. ૨૪

બેંક ઑફ બરોડાના ઉત્તર ગુજરાત ઝોનનાં ઉપક્રમે 'વિરાસત' ની ઉજવણી કરવામાં આવી, ઝોનના જનરલ મેનેજરશ્રી ઉમાકાન્ત બીજાપુર, અમદાવાદ સીટી રીજીયનના ડેપ્યુટી જનરલ મેનેજરશ્રી મનોરંજન ભુયાની ઉપસ્થિતિમાં બેંકના સ્થાપક સર ગાયકવાડ સાહેબને શ્રધ્ધાંજલિ આપ્યા બાદ કાર્યક્રમ શરૂ થયો. જનરલ મેનેજરે ગુજરાતની બેંકની આ 'વિરાસત' ને ગ્રાહકોની જરૂરિયાતો હકારાત્મક સંતોષીને આગળ ધપાવવા જણાવ્યું હતું.

૧૦૫ વર્ષની ઉજવણીના ભાગરૂપે વિશ્વાસ, પારદર્શકતા, ટીમ સ્પીરીટ - વિષય ઉપર યાજાયેલ નિબંધ સ્પર્ધામાં ગુજરાતી વિભાગમાં ગેરીયા શાખાનાં બ્રાન્ચ મેનેજરશ્રી યશેષ વૈષ્ણવ, હિન્દી વિભાગમાં બોબ આઈ.ટીના શ્રી મનિષા ત્રિપાઠી, અને અંગ્રેજી વિભાગમાં મહેસાણા આર.ઓ. કર્મચારી શ્રીમતી નીરૂબેન લાલચંદાણીએ પ્રથમ સ્થાન મેળવી પુરસ્કાર મેળવેલ હતો.

સેક્ટર-૨૧ શાખાના શ્રી ગીરીશ બારોટ અને બોબ આઈ.ટી.ના કર્મચારી શ્રી મનુભાઈ પરમારને વિધાનસભા શાખા પાસે થયેલ ચીલઝપટમાં બેંકનાં રૂપિયા બચાવીને જાન જોખમમાં મુકીને પૈસા બચાવવા માટે શૌર્ય પુરસ્કાર રૂપે રૂા. ૨૫,૦૦૦/- રોકડમાં આપી સન્માનવામાં આવ્યાં. ગાયક કલાકાર ડૉ. શ્યામલ મુનશી, સૌમિલ મુનશી, આરતી મુનશીએ લોકપ્રિય ગીતો ગાયા હતા.

આભારવિધિ ઉત્તર ગુજરાત ઝોનનાં ડેપ્યુટી જનરલ મેનેજરશ્રી એસ.કે. શોમે કરી હતી.

પડતર પ્રશ્નોના ઉકેલ માટે હેલ્થ વર્કરોની રેલી યોજાઈ

૧૦૦ હેલ્થ વર્કરોએ માથે મુંડન કરાવી આક્રોશ વ્યક્ત કર્યો : પ્રશ્નો નહી ઉકેલાય તો ઉગ્ર આંદોલનની ચિમકી

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર ઘ-૩ સત્યાગ્રહ છાવણી ખાતે પ્રતિક ઉપવાસ પર બેઠેલા મલ્ટી પરપઝ હેલ્થ વર્કર (પુરુષ) દ્વારા આજે ઘ-૦ થી ઘ-૩ સુધી રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રેલીમાં ૨૦૦૦ વર્કરો જોડાયા હતા. તેમજ ૧૦૦ જેટલા વર્કરોએ માથે મુંડન કરાવી સરકાર સમક્ષ અનોખી રીતે રોષ વ્યક્ત કર્યો હતો. આગામી દિવસોમાં તેમની પડતર પ્રશ્નોની માંગણી નહી સંતોષાય તો ઉગ્ર આંદોલન કરવાની ચિમકી વર્કરો ઉચ્ચારી છે.

રાજ્યના મલ્ટી પરપઝ હેલ્થ વર્કર્સ છેલ્લા ૧૧ વર્ષથી ૧૧ મહિનાના કોન્ટ્રાકટમાં સેવા આપે છે. ગુજરાત સરકાર દ્વારા તાજેતરમાં ૪૨૬૮ જેટલી જગ્યાની ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. જેની પરીક્ષા પણ લેવાઈ ગઈ છે. આ ૩૪૦૦ હેલ્થ વર્કર્સો પોતાને કાયમી નિમણુંક આપે તેમ ઈચ્છી રહ્યા છે. બાર જેટલી પડતર માંગણીઓ સાથે આ વર્કરોએ આજે ગાંધીનગર ખાતે ઘ-૦ થી ઘ-૩ સુધી રેલીનું આયોજન કર્યુ હતુ. જેમાં ૨૦૦૦ જેટલા વર્કરો ગુજરાતના ખુણે ખુણેથી આવ્યા હતા અને માથે મુંડન કરાવી સરકાર વિરૂદ્ધ પોતાનો રોષ ઠાલવ્યો હતો. અને સરકાર દ્વારા પોતાના પડતર પ્રશ્નોનું પરિણામ નહી આવે તો વર્કરો આવનાર સમયમાં અન્ન, જળનો ત્યાગ કરવાની ચિમકી ઉચ્ચારી છે. આ હેલ્થ વર્કરોએ રેલી અને ધરણા બાદ મુખ્યમંત્રી, જિલ્લા કલેક્ટર, આરોગ્ય મંત્રી અને વિરોધપક્ષના નેતાને આ મામલે આવેદનપત્ર આપી પડતર પ્રશ્નો ઉકેલવાની માંગણી કરી છે. પોતાની પડતર માંગણીઓનો સરકાર દ્વારા હકારાત્મક પ્રતિભાવ મળે તેમ આ વર્કરો ઈચ્છી રહ્યા છે.

કોબા જૈન આરાધના કેન્દ્ર ખાતે જૈનમુનિ કાળધર્મ પામ્યા

ગાંધીનગર, તા. ૨૪

શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર, કોબા ખાતે પ.પૂ. આચાર્ય શ્રી અરૂણોદયસાગર સૂરીશ્વરના શિષ્ય એવા પ.પૂ. સૌભાગ્ય પદ્મસાગરજી મહારાજ સાહેબ ગત રોજ વહેલી સવારે નવકાર મંત્રનું સ્મરણ કરતાં કરતાં કાળધર્મ પામ્યા હતા.

સ્વર્ગસ્થ સૌભાગ્ય પદ્મસાગરજી મ.સા.નો જન્મ રાજસ્થાનના તાડલાઈમાં થયો હતો. તેમણે મારવાડના પાલી ખાતે દીક્ષા લીધી હતી. તેમનું પ્રથમ ચાતુર્માસ ગાંધીનગરમાં થયું હતું. તેઓની પાલખી ગતરોજ બપોરે ૩ કલાકે મહાવીર જૈન આરાધના કેન્દ્ર કોબા ખાતેથી નીકળી હતી. પાલખીમાં હજારો ગુરૂભક્તો જોડાયા હતા.

વરસાદ ખેંચાતા જિલ્લા સહકારી પરિષદ દ્વારા બિયારણ અને ખાતર અપાશે

ગાંધીનગર, તા. ૨૪

તાજેતરમાં જિલ્લાની સહકારી મંડળીઓના પ્રમુખશ્રી તથા મંત્રીશ્રીઓની એક સહકારી પરિષદનું આયોજન કૃભકો, નવી દિલ્હીના ડીરેકટરશ્રી પરેશ પટેલના અધ્યક્ષપદે જિલ્લાના ખેતીવાડી અધિકારી, શ્રી કે. કે. પટેલની હાજરીમાં યોજાઈ.

કૃષિ પરિસ્થિતિની છણાવટ કરતાં જિલ્લા ખેતીવાડી અધિકારી શ્રી કે. કે. પટેલે ટૂંકા ગાળાના, ઓછા પાણી તથા ખાતરોના વપરાસવાળા પાકો જેવા કે, મગ, મઠ, જુવાર અને દિવેલાનું વાવેતર કરવા ભલામણ કરી હતી. તદ્ઉપરાંત સરકારશ્રીની વિવિધ સહાય યોજનાઓનો લાભ ખેડૂતોને સહકારી મંડળીના માધ્યમથી પહોંચાડવા અનુરોધ કર્યો હતો. કૃભકોના ચીફ સ્ટેટ માર્કેટીંગ મેનેજર શ્રી પી. કે. પટેલે રાજ્ય તેમજ રાષ્ટ્રીય કક્ષાએ કૃભકોની વિવિધ ખેડૂતલક્ષી સેવાઓ અને વિવિધ પ્રોડક્ટની સવિસ્તાર માહિતી આપતા ભારત સરકારના મોબાઈલ આધારિત ખાતર વિતરણ વ્યવસ્થા જે ખેડૂતોના બેંકના ખાતામાં સહાયની રકમ સીધી જમા થાય તે યોજનાને અમલમાં લાવવા અપીલ કરીએ છીએ.

પરિષદમાં અતિથિ વિશેષ તરીકે શ્રી લાલભાઈ પટેલ ચેરમેનશ્રી, ગાંધીનગર જિલ્લા સહકારી ખરીદ-વેચાણ સંઘ લી., ગુજકોમાસોલના ડિરેકટર અને એ.પી.એમ.સી. ગાંધીનગરના ચેરમેન શ્રી રસીકભાઈ પટેલ ઉપરાંત જિલ્લા તેમજ તાલુકાના સહકારી આગેવાનો કોદરભાઈ પટેલ, સુરેશભાઈ પટેલ, કૃભકો મહેસાણાના એરિયા મેનેજરશ્રી પી.બી. પટેલ હાજર રહીને સજીવ ખેતી અંગે અને રાસાયણિક ખાતરોના કાર્યક્ષમ ઉપયોગ કરવા ભલામણ કરી હતી.

કાર્યક્રમના અધ્યક્ષ શ્રી પરેશ પટેલે વર્ષ ૨૦૧૨ને યુનો દ્વારા 'આંતરરાષ્ટ્રીય સહકારી વર્ષ' તરીકે ઉજવવાનું નક્કી થયેલ હોઈને આપણા ગુજરાતની સહકારી પ્રવૃત્તિને સજીવન, જીવન તેમજ ગતિશીલ રાખવા અને સમાજના ગરીબ તથા મધ્યમ વર્ગના લોકોના ઉત્કર્ષ માટેનું માધ્યમને દિલથી જતન કરવા અનુરોધ કર્યો હતો.

આ પરિષદમાં ગાંધીનગરના મોટી સંખ્યામાં સહકારી આગેવાનો, કાર્યકરો હાજરી આપીને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન તથા આભારવિધિ કૃભકો, ગાંધીનગરના માર્કેટીંગ મેનેજર શ્રી લલિત પટેલે કરી હતી.

આજે ચંદ્રમૌલેશ્વર મહાદેવ મંદિરમાં પાટોત્સવ યોજાશે

ગાંધીનગરના સેક્ટર-૨-બી ખાતે આવેલા ચંદ્રમૌલેશ્વર મહાદેવ મંદિરનો આજે તા. ૨૫મી જુલાઈ-૨૦૧૨ને બુધવારે પાટોત્સવ યોજવામાં આવશે.

ચંદ્રમૌલેશ્વર મહાદેવ મંદિરમાં સવારે ૮ કલાકે શિવપૂજા અર્ચના કરવામાં આવશે તથા શિવયજ્ઞ સાથે શિવ આરાધના કરવામાં આવશે. બપોરે ભક્તજનો દ્વારા ભજનનો કાર્યક્રમ રાખવામાં આવ્યો છે. તથા સાંજે ૧૦૦ દીવડાઓ પ્રગટાવી ભવ્ય આરતીનો કાર્યક્રમ યોજાશે. શિવભક્તોને આ પ્રસંગે ઉપસ્થિત રહેવા મંદિરના પૂજારી દ્વારા ખાસ નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

બે દાયકાથી સાથે એક જ ઘરમાં રહેતા વેવાઈ સંબંધોની નવી દિશા ચિંધે છે...

સેક્ટર-૨૧ના જૈન દેરાસર પાસે રહેતા સુરેશભાઈ અને અમરચંદભાઈ સંબંધે તો વેવાઈ છે પરંતુ તેમની વચ્ચેનો સંબંધ સગા ભાઈ કરતાં પણ વધુ પાક્કો અને સ્નેહાળ છે

સંબંધોની પરિપાટી પર લખાતા ભૂંસાતા સંબંધોમાં એક જૂનો સંબંધ છે વેવાઈઓનો... દિકરો કે દીકરી પરણાવેલી હોય તે ઘર સાથેના સંબંધોમાં વ્યવહાર સાચવવાથી લઈને દરેક સારા-માઠા પ્રસંગમાં હાજરી આપવી અનિવાર્ય હોય છે. સંબંધો ભલે ગાઢ હોય પરંતુ એક ન દેખાતી દૂરી વેવાઈ વેલાના સંબંધમાં જોવા મળે છે. પરંતુ સેક્ટર-૨૧માં રહેતા સુરેશભાઈ અને અમરચંદભાઈના વેવાઈના સંબંધો અનોખા કહી શકાય તેવા છે. તેઓ ન માત્ર સ્નેહની ડોરથી બંધાયેલા છે પરંતુ છેલ્લા ૨૨ વર્ષથી એક સાથે એક જ ઘરમાં રહે છે.

એલ.ડી.એન્જીનિયરીંગ કોલેજના નિવૃત્ત પ્રાધ્યાપક સુરેશભાઈ મોહનલાલ શાહ સેક્ટર-૨૧માં જૈન દેરાસરની પાસે રહે છે. તેમની સાથે તેમના પત્નિ ઈન્દિરાબેન, દીકરીના સસરા (વેવાઈ) અમરચંદભાઈ શાહ અને દીકરી-જમાઈ મીતાબેન-હિતેશભાઈ અને દોહિત્ર રવિ રહે છે. બે વેવાઈ પાસે પાસે રહેતા હોય તેવુ જોવા મળે પરંતુ બે વેવાઈઓ એક જ ઘરમાં એક સાથે જ રહેતા હોય તેવા કિસ્સા ખુબ ઓછા જોવા મળે છે. વેવાઈ વેલાના સંબંધે જોડાયેલા સુરેશભાઈ અને અમરચંદભાઈ બે-પાંચ વર્ષથી નહિં પરંતુ છેલ્લા ૨૨ વર્ષથી સાથે રહે છે. સુરેશભાઈ કહે છે કે કોઈપણ સંબંધોમાં અહંમનો ટકરાવ થાય તો કડવાશ પેદા થાય. અમારી વચ્ચે ક્યારેય એવુ બન્યુ નથી. ઉલ્ટુ આટલા વર્ષ સાથે રહેવાથી હવે

અમરચંદભાઈ મારા મોટાભાઈ

દાયકા અગાઉ અમે સાથે

સંબંધ સજાવે જિંદગી

સ્નેહાળ સંબંધ વેવાઈનો...

- તબસ્સુમ પઠાણ

gsrelation@yahoo.com

કરતાં પણ વિશેષ બની ગયા છે. અમારા સંતાનોના હિતમાં બે રહેવાનો નિર્ણય કર્યો હતો તે સાચો પુરવાર થયો તેનો મને આનંદ છે...'

સુરેશભાઈને સંતાનોમાં બે દીકરીઓ જ છે. અહીં સેક્ટર-૨૧માં સાથે રહેતા મીતાબેન પતિ હિતેશભાઈના ટેલીકમ્યુનિકેશનના બિઝનેસમાં મદદરૂપ થવા દરરોજ અમદાવાદની ઓફિસમાં જાય છે. તો બીજી દીકરી ડૉ. અમીતા ફિઝિશિયન છે અને સાસરે સુખી છે. લગ્નના થોડાક જ વર્ષમાં મીતાબેનના સાસુ ગુજરી ગયા. આ તરફ હિતેશભાઈનો બિઝનેસ વધતો જતો હતો. તેમાં સુરેશભાઈ જોડાઈ ગયા. દીકરી-જમાઈ અને વેવાઈને સાથે રહેવા બોલાવી લીધા. હવે તો તેમનો દોહિત્ર રવિ પણ બિઝનેસમાં જોડાઈ જઈ નવી જવાબદારીઓ સ્વીકારી રહ્યા છે. કોઈ અજાણ્યુ આવે તો તેવું કહે જ નહિ કે સુરેશભાઈ અને અમરચંદભાઈ વેવાઈઓ છે, બે ભાઈઓ સાથે રહે છે તેવુ અનુભવાય. ઘરના બધા જ સભ્યોને તેમની જવાબદારી સોંપી દેવાઈ છે. બધા જ પોત પોતાની જવાબદારી ખુબ સારી રીતે સંભાળે છે એટલે ક્યારેય કોઈ પ્રશ્ન ઉદ્ભવ્યો નથી. આજકાલ કરતા આ વાતને બે દાયકા જેટલો સમય વીતી ગયો છે. બે વેવાઈઓ સાથે રહે તેમાં સૌથી વધુ ફાયદો હિતેશભાઈના દીકરા રવિને થયો છે. બાળપણથી લઈને યુવાની સુધી તેને એક સાથે બબ્બે 'દાદાજી'નો પ્રેમ અને સંસ્કાર મળતાં રહ્યા છે અને તે આ ઉચ્ચ સંસ્કારોને ઉજાળી દાદાજી-નાનાજીના નામને રોશન કરી રહ્યા છે.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

તાપમાન

સૂર્યાસ્ત : ૭.૨૫
મહત્તમ : ૩૩.૫ ડિ.સે.
લઘુત્તમ : ૨૭.૫ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૮૧ ટકા ● સાંજે ૬૧ ટકા

મનોરંજન

સિટી પલ્સ

: સ્ક્રીન-૧ :
કૉકટેલ : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :
બોલ બચ્ચન : ૧૨.૩૦
ધ ડાર્ક કેનાઈટ રાઈસીસ (હિન્દી) : ૩.૩૦, ૧૦.૦૦
ધ ડાર્ક કેનાઈટ રાઈસીસ (અંગ્રેજી) : ૬.૪૫

: સ્ક્રીન-૩ :
ધ ડાર્ક કેનાઈટ રાઈસીસ (હિન્દી) : ૧૨.૩૦
બોલ બચ્ચન : ૩.૪૫, ૭.૦૦, ૧૦.૧૫

: સ્ક્રીન-૪ :
ગટ્ટુ : ૧૦.૦૦
કૉકટેલ : ૧૧.૪૫, ૨.૩૦
પિકચર અભિ બાકી હૈ : ૫.૧૫
બોલ બચ્ચન : ૭.૪૫, ૧૦.૩૦

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
બોલ બચ્ચન : ૯.૦૦
ગટ્ટુ : ૧૨.૦૦
કૉકટેલ : ૨.૦૦, ૪.૪૫, ૭.૩૦, ૧૦.૧૫

: સ્ક્રીન-૨ :
કૉકટેલ : ૯.૪૫, ૧૨.૪૫, ૩.૩૦, ૬.૧૫, ૯.૧૫

: સ્ક્રીન-૩ :
ધ ડાર્ક કેનાઈટ રાઈસીસ (હિન્દી) : ૧૦.૦૦
બોલ બચ્ચન : ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૪ :
ધ ડાર્ક નાઈટ રાઈસીસ (હિન્દી) : ૯, ૧૨, ૩.૧૫, ૬.૩૦, ૯.૪૫

સૂર્યા, વાવોલ

કૉકટેલ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
જો જે રંગ લાવશે આપણી પ્રીત : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

ધાર્મિક

- શ્રીમાળી બ્રાહ્મણ સમાજ, ગાંધીનગર દ્વારા પરેશભાઈ ત્રિવેદી, ૯૦૩/૧, સે.-૧૩/બી, ના નિવાસ સ્થાને શિવમહિમ્ન પાઠ યોજાશે.
- શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ સે.-૨૩, ગાંધીનગર દ્વારા અશોકભાઈ પંડ્યા, બી-૧, બ્લોક નં.૧૧૫/૧, 'છ'ટાઈપ ના નિવાસ સ્થાને શિવમહિમ્ન પાઠ અને સ્તૃતિ વંદના રાત્રે ૯.૦૦ કલાકે.
- શ્રી સમસ્ત બ્રહ્મસમાજ મહિલા પાંખ, ગાંધીનગર દ્વારા નિશાબેન જોશી, બ્લોક નં. ૫૪/૧, 'ઘ'ટાઈપ, સે.-૨૯, ના નિવાસ સ્થાને સ્તૃતિ વંદના.
- શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ ૨૧.-૨૬, ગાંધીનગર દ્વારા હર્ષિતભાઈ ભટ્ટ, બ્લોક નં.૧૨૨/૨, કિસાનનગર, ના નિવાસ સ્થાને શિવમહિમ્ન પાઠ અને સ્તૃતિ વંદના રાત્રે ૯.૦૦ કલાકે.
- શ્રી રામજી, મંદિર શ્રીરામ ધામ વાવોલ ખાતે શ્રાવણ માસ નિમિતે સવારથી જ તાંબા-પિતળના વાસણોના હિંડોળા પ્રારંભ.

આપની આજ

મેષ : નવી કાર્યયોજનાના યોગ પ્રબળ બનશે. પ્રેમ સંબંધોમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. કુટુંબમાં શાંતિનું વાતાવરણ બની રહેશે. માન સન્માન પ્રાપ્ત થશે.

વૃષભ : પોતાની બુદ્ધિના ઉપયોગથી કાર્યમાં વૃદ્ધિ કરી શકશો. શત્રુઓથી હાનિ થવાની આશંકા છે. કોર્ટ-કચેરીની બાબતોમાં સફળતા પ્રાપ્ત મળી શકશે.

મિથુન : આજે નવા સંબંધો બંધાશે. માનસિક શાંતિ જાળવવી. ઘરમાં મહેમાન આવવાની સંભાવનાઓ રહેલી છે. વ્યાપાર-વ્યવસાયમાં મધ્યમ રહે. સત્સંગમાં જોડાશો.

કર્ક : ધાર્મિક યાત્રાઓ થઈ શકે છે. ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. સગા- સંબંધીઓથી મુલાકાત થઈ શકે છે. દામ્પત્ય જીવનમાં સુખની કમી ન ઉભી થાય તેની કાળજી રાખવી. નવા સંબંધો બંધાશે. જે ભવિષ્યમાં ઉપયોગી નીવડી શકે છે.

સિંહ : સામાજિક તેમજ રાજકીયક્ષેત્રોથી લાભ મળી શકે છે. ગૂઢ કાર્યોમાં સફળતા પ્રાપ્તિનો યોગ. સામાજિક ક્ષેત્રોમાં ધાર્મિક કાર્ય વગેરેના આયોજનો થઈ શકે છે.

કન્યા : વ્યપાર- વ્યવસાયક્ષેત્રે દિવસ સારો અને લાભદાયી રહેશે. નવા સંબંધો લાભદાયક બની સાબિત થઈ શકે છે. માતા-પિતાનું આરોગ્ય ઠીક રહેશે.

તુલા : આવક- ખર્ચમાં સંતોલન બની રહેશે. કાર્યક્ષમતામાં વૃદ્ધિ થઈ શકે છે. માનસિક અસ્થિરતા દૂર કરી અને કાર્ય સમય પર પૂર્ણ કરવાનો પ્રયત્ન કરો.

વૃશ્ચિક : સંતાન સંબંધીત પ્રશ્નોનું આજે નિરાકરણ આવી શકે છે. આજે શુભ સંદેશ તમને નવી દિશા આપશે. કૌટુંબિક સમસ્યાઓને અવગણીને આગળ વધશો.

ધન : ભાગ્યવર્ધક કાર્યોથી લાભ પ્રાપ્તિનો થવાની સંભાવના રહેલી છે. ગૂઢ શોધ સંબંધી કાર્યોમાં સમય વીતશે. વરિષ્ઠ વ્યક્તિઓના વિવાદથી બચવું.

મકર : કુટુંબ- વ્યાપાર સંબંધી કાર્યોમાં ભાગ્યવર્ધક યાત્રા પ્રવાસ થવાની સંભાવનાઓ છે. સંતાન પક્ષ, મિત્ર વર્ગ, મનોરંજન સંબંધી કાર્યોમાં લાભ પ્રાપ્ત થઈ શકે છે.

કુંભ : કર્મક્ષેત્રમાં ગૂઢ શોધ વગેરે થઈ શકશે. આર્થિક ચિંતનનો વિશેષ યોગ બની રહ્યો છે. સામાજિક ક્ષેત્રોમાં ધાર્મિક કાર્યો વગેરેનો યોગ પ્રબળ બની રહ્યો છે.

મીન : સામાજિક ક્ષેત્રોથી લાભ પ્રાપ્ત થઈ શકશે. ગૂઢ કાર્યોમાં સફળતા મળવાની સંભાવના છે. સામાજિક ક્ષેત્રોમાં ધાર્મિક કાર્યો વગેરેનું આયોજન તથા તમે તેમાં જોડાશો.

ચિરવિદાય

- સ્વ. કાન્તિભાઈ હરદાનભાઈ બારોટ (ઉ.વ. ૬૪) બ્લોક નં. ૨૮૩, ગાયત્રી સોસાયટી, સેકટર-૨૭, ગાંધીનગર.
- સ્વ. વિક્રમભાઈ રઘુજી બિહોલા (ઉ.વ. ૫૨) મુ.પો. પાલજ, તા., જિ. ગાંધીનગર.